પડયાં વિખુટા માને બાપ, સુખ સર્વે ગયું,
આવા કઠણ સમામાં આજ, દગો મને દેછે તું-ભાઇ
આવી ઊંઘ ન કરીએ વીર, આગળ કામછે ઘણું;
આ રન વગડામાં આંહી, કોઇ નથી આપણું- ભાઇ
જાગ જાગની જમણી બાંહે, હવે હું તે શું કરૂ?
તુને ઘટે નહિ જાવું વીર, મને મુકી એકલું-ભાઇ

ચંદન-મલ્યાગરી

૧૦૩

મન માયાના કરનારે, જરી જોને તપાસીતારી કાયા
પુછી જોનેતું પંડીત પુરાણરે, કોઈના અમરછે. લેખ લખાણા
કાચીછે કાયા આ માટીની માયાછે માટીના ખેલ બનયા
શાણાતો સમજી અલમથયાપણ-બાલક બીચારા લપટાયારે-જરી
આંખાની પાંખો ગઇછે પીંખાઇ-જેણે મુછપર લીંબુ ઠરાયા
કાળના કોવાડેથી કોણ બચ્યું ભલે હોય રંક માહરાયારે-જરી
સંધ્યાના જેવા રંગ-સોનેરી વંધ્યાને લાડ લડાયા
જોબન ને તન ધન તેવાં સમજવાં પાણીમાના પડ છાયારે-જરી

ઉદય-ભાણ

૧૦૪

મિત્ર આર્વાયો ભલે આ ધરજ તારૂં છે;
દોસ્ત તારૂ ઘરતો મુંને પ્રાણ પ્યારૂં છે;—મિત્ર
મિત્ર આપણું જાણ કાંઇ ન્યારૂં છે;
એવું જાણુંતો ન આવુંકામ પણ આમારૂં છે;—મિત્ર
માજીએ મુકયોછે મુને જાતું કોઇ સ્થાન;
દુશ્મનોથી રહે છુપો એ એણે ધારયું છે;—મિત્ર
તારા દુશ્મનનો તે મીત્ર માહારાજ જાણ
કે કયમેં મિત્ર તારૂં દુઃખ નિવારયું છે;—મિત્ર

મીચારાજ

૧૦૫

ધીક યુવાક ધીક મુંજને ધીક કામ વીકારજી
જેણેરે ભુલાવી મુને સત્યથી કરયો નીચ વીચારજી
ભેખરે ઉતારો રાજા ભરથરી
ક્ષમા કરોરે રાજા ર કહ્યું નારી અજ્ઞાન જાતજી
અન્ય વખત આવું નહિ કરૂ લાજ્યા માતને તાતજી
ભેખરે ઉતારો રાજા ભરથરી

૧૦૬ ભરથરી

કપટ રૂપી રાણી પીંગળા આશું બોલે વચનજી
રાજ તજ્યું તુજ કારણે જો વીચારીને મનજી
ભીક્ષા દેને મૈયા પીંગળા
તુરે ખોટી ખોટું રાજછે ખોટો સારો સંસારજી
અલખ જગાવું વનને એકલો જેથી પામું ઉધ્ધારસજી
ભીક્ષા દેને મૈયા પીંગળા

૧૦૭ ભરથરી

રહોતો રાજારે રસોઇ કરૂં, જમતા જાઓ સ્વામીનાથજી
ક્ષીરરે નીપજાવું ક્ષણએકમાં જમીએ આપણુ સાથજી
ભેખરે ઉતારો રાજા ભરથરી
મઢીરે કરાવું રંગ મોહલમાં, રાખુ ગુપ્ત અવાસજી
જેમરે જાણે નહિ જગતમાં, કરશું ભોગ વીલાસજી
ભેખરે ઉતારો રાજા ભરથરી

૧૦૮ ભરથરી

કંગનવા મોરો કરસે સરક ગયોરે,
સુનો મોરી ગુઇયાં, ગઇલો મોરી બઇઆં—કંગનવા
રાજ દુલારેરે, સુનો પીયા પ્યારેરે, તુમનહિ છાંડોપ્રીત
મંએ જાને નહિ દુંગી, જોબન રસ લુંગી,
કમર પતલીસી લચક ગયોરે—કંગનવા

૧૦૯

(ઠુમરી–કલ્યાણ–કેરબો)

હીલ મીલ પાનીડા જાએરો નનંદીઆ,
જાઓરે નનંદીઆ, જાઓરે નનંદીઆ,—હીલ મીલ
સરપર મડા વારી, ઘડેપર ઝારી,
પતલી કમર લચકાઇરે નનંદીઆ—હીલ મીલ
જાલીકી કુડતીં બનારસકી અંગીયા
દીલ્લીકી પંજમ બજાવોરે નનંદીઆ—હીલ મીલ

૧૧૦

ઠુમરી

પીઉકે ચિત્ર બિન પ્રીતમ પ્યારે, બન બેરાગી મોરારે-સૈયાં
અંબુઆકી ડાળપે કોહેલીઆં બોલે, બનમે બોલે મોરલારે
નદી કીનારે સારસ બોલે, મએ જાનું પીઆ મોરારે-સૈયાં
અપને પીયામે તનમન વારૂં, જો વારૂં સો થોડારે
આવોરે પીયરવા ગલેરે લગાવું, જગમે જીના થોડારે-સૈયાં
દગમગ ચાલ તોરી છાંડદે ગોરીયાં, પાસ બસેજીયા મોરા
સબકે રદેમે શામ બસતહએ, કોઇ સાંવરા કોઇ ગોરારે-સૈયાં

૧૧૧

સુંદર શામળીઆ, નામ જપીશ નીત્ય તારૂં
મનહર નામળીઆ, કાશી કરવત ધારૂં
શામળા શણગાર તમારા, કાળજું હર્યું કામણગારા
વિનવે કરગરી દીન દારા, દર્શન દો દિલદાર તમારા
કયાં હું કહું દુઃખ મારૂં—સુંદર
આસ પાસ નહિ વાસ નીહાળું, અહહ ત્રીભુવન ભાસતું કાળું
નીરખું નહિ કદી મુખડું રસાળું, જઇ હીમાલય ગાત્ર હું ગાળું
શાક્ષી દેવ દયાળું—સુંદર

વીણા-વેલી

૧૧૨

(હમકુ છાંડ ચલે બનમાધુ) રાહ.

સુંરે કહું મારા દુઃખડાની વાતો, તુટીરે પડે આસમાનહો ભાઇ-ટેક
ભૂત નથીને પ્રેત નથીહું, દાકણી શાંકણી નહી કોઇ આંહી;
દુઃખની મારી વીજોગણુ છઉંહુ, બીતો નહી મનમાંતું કાંઇ-સુંરે
ચંદનાવતી નામેજે નગરી, રાજા ચંદનનીજે નવાઈ;
હું રાણીછું તેની ભાઇ, ખોટું નથી કેહેતી એકરાઇ-સુંરે
મલ્યાગરીછે નામતે મારૂં, સાયેર નીર બે પુત્ર સવાઇ;
રાજ ગયુંને વનમાં નીકલ્યાં, જો જો કીસ્મતનીરે ખુશાઇ-સુંરે
ફરતાં ફરતાં અહીં આવીઆ, પુર ચડયુંતું આનદી માંહી;
તેમાં તણુાયા ત્રણે પ્યારા, કરી નાંખી દૈવેતો જુદાઇ-સુંરે

ચંદન-મલ્યાગરી

૧૧૩

નથી જગતમાં સાથ સંબધી વિના ત્રીભુવન નાથ,
સું ફોગટ ફાફાં મારે મુરખડાં, ભરે આભથી બાથ
કમળ પત્રપર જળ બીંદુને, સુકાતાં શી વાર
શ્રાવણની જળ ભરી વાદળીઓ, વીખરાતા શી વાર
જીવતર સમજવું તેવું, આખર ન લેવું દેવું
જીવ જવું ખાલી હાથ, અંતમાં પાપ પુણ્ય સંગાથ
પંથી જીવ પામી ગયો નરભવ નગર બજાર
સોદાગર સમજીજાઈ, કરો પુન્ય વેપાર
જીવ જવુંછે ખાલી હાથ, અંતમાં પાપ પુણ્ય સંગાથ,—નથી

ઊમાદેવડી

૧૧૪

ચાલો મારા ચતુર સુંજાણ હાં હાં
મારો નહિ નયનાં બાણ હાં હા
કાળજે ઉતારી તારી સુરતી રસીલા પ્રાણ;—ચાલો
ઘાયલ કીધો ત્હેં પ્હેલાં ધુતારી મારી નયનો માર
દાઝયા ઉપર લુણવચન લગાડી પુરો કર્યો લાચાર
નખરેથી છેવટ નાજુક નાજુકડી માર્યો ત્હેં હાય હાય ઠાર
રસીકવર માર્યો ત્હેં હાય હાય ઠાર ઠાર—કાળજે

વીણા-વેલી

૧૧૫

કાંતીલ ખુખ્વાર હયે આશુકકે કહલાને વાલે
સુરત ચમકાને વાલે રંગત ઝમકાને વાલે,
આફતકે બાને વાલે જાલીમ તરસાને વાલે,
લેકર દીલ હાથમેં દીલ દારસે ફીર જાને વાલે-કાંતીલ
માલીકે બાગમેં કયા ફુલ હયે સબ ડાલી ડાલી
વાલીને શાનને કયા બાગમેં હરીયાલી ડાલી
ગાલ હયે ગુલકે જયસે બાલ શુમ્બુલકે જયસે
જાલ ગેસુકે કયેસે ચાલ આહુકે અયસે
સુરત પ્યારી રંગત ન્યારી હીકમત સારી
તેરીજારી ઓ કુદરત દીખલાને વાલે-કાંતીલ

અનુશુંદરી

૧૧૬

સાહેબા સલુણા નાની નણુદલના વીરા,
લાલ લટકાળા મને (૨) આછા આછા ઘાટ ઘડાવો મારા સાહેબા,
સરખી સહચર મળી હાંસી કરેછે
લાજી મરૂંછું બાઇ (૨) વેલા વેલા શોનીડા તેડાવો મારા સાહેબા,
નાનુંછું નાથ એક ઝુમણું ને મહી ઝીણા ઝીણા હીરલા જડાવો,
નવ સેરો મોતાનો હાર મારા સાહેબા, જીણા જીણા લીલમ મુકાવો
જોગવાઇ જાસતી જો હોય મારા વાલમાં કંકણોને માણેક મઢાવો,
ગરીબ ધણીને બાઇ ઝાઝુ તે શું કહીએ બસ આટલેથી
મનવાલીને રહીએ
બાઈ સાબ મોટા એક પાણો માગી લઇએ—સાહેબા સલુણા

૧૧૭ ઉદય-ભાણ

શું નટવર વંસત થેઇ થેઇ નાચી રહયો
નાચી રહયો જગ નચાવી રહયો—શું
કોયલ મધુર મુરલી બનીછેટે નટવર કાન
વિરહ ઘેલી ગોપીગણું તજી નીકલી અભિમાન
રશીઆ વિનાની બની બાળાઓ બાવરી
વેણું વસંત ચિત્ત વીંધી ગયો—શું
શીતળ સુખકર પવનની લ્હેર ઘુમે ચોપાસ
જાણું રાધા કૃષ્ણ રાસ રમેછે ખાસ
વિધ વિધ પંખીના વેણ ઘુઘરી ધમકેરે
મહિ મહિ મેના નાદ ઝાંઝર ઝમકેરે
નવ પલ્લવ વાઘોધરી પંચરંગી સીર પાઘ
ફાગ લાગ સાધી રમે મદનરાજ મહાં ભાગ્ય
લ્હેરી લાલાથી રમે લલનાએ લાડમાં
પ્રીતી ગુલાલ લાલ છાઇગયો—શું

૧૧૮ અશ્રુમતિ

પધારો સૌભાગીનાર દાસી પ્રીતમ તુંજ પાયની
શુંદરી હદય હાર છાયા છબીલા તુજ કાયની
છો ભાગ્ય દેવી મમ ભામાં, રહ્યા હદય મંદીરે રામા
ભોળામારા ભરથાર, શાણા સીરસરદાર; દાસી
સદા પતિ પ્રીયાના અન્ન દાતારે, પતી દેતાને અમે ખાતારે,
રહીએ રતિવડે રંગ રાતોરે, વાહ વાહરે—મારા ભાગ્યના ભંડાર
રૂડીછું આ—મારા પ્રાણના આધાર—દાસી વીણા-વેલી

૧૧૯

પ્યારી દુલનીયાં મોરા મોહનીયાં
દિલ જનીઆં કામનીયાં
અલબેલીયાં ચીલીચાં સાહેનીયાં
ચંદ્ર બદનીયાં કામનીયાં
આઓ પીયાં મેરે મતવાલે
નયન લડાલે ભાલે એ અલબેલી
દેખના ક્યા આપ સચ કહેતે હય
સચ હય ગલેસે મિલ મોરી જનીયાં

ગુમાન-તારા

૧૨૦

એ..............માથે મટુકી લઇ જાઉં
પ્યારા લ્હેરી લાલાને દુધલડા પાઉં—એ
હું ગોવાલણ નાની નારી
પ્યારો મારો છે વિહારી
રંગે રમાડી રીઝાઉં—પ્યારા—એ-

વીક્રમચરીત્ર

૧૨૧

પ્રીતી પાતરની કરનાર, સરવે મુરખના સરદાર;
નીતીની પુણુ ગણો નાદાર, પીડા પામે અપરંમપાર-પ્રીતી
જેની સાથે જવતળ આવી, માત પીતા પરણાવે.
એને ત્યાગી નીર ભાગીનર, આપણી પાસે આવે-પ્રીતી
પતિસુખ પકવાન સરીખું, તૃપ્ત થયા નહિ તેથી.
ગણીકા ગન વચન સમગણવું—અરે થશે શું એથી પ્રીતી
શું એનાથી કારજ સરશે એ શું સારૂ કરશે.
સ્વાન સમાન સદા અથડાઇ મોત વગર તે મરશે—પ્રીતી.

લીલાવતી

૧૨૨

મોહન આવો મલપતાને પાઢો પ્રેમે પલંગ;
અંગ ફુલ્યા નવરંગ અમારા, રાય રમોને રંગ;
સલુણા સાહેબાજી હો મોરે મન મોહની લાગી રાજ.
આજ ભરી ભર રંગ તમોને લોટું છબીલા છેલ.
અઉદ બ્રહ્માંડ ચકીત બને એવા ખાતે બનાવું ખેલ—સલુ૦
એક છબી છે આપની એવી સુરજ ક્રોડી સમાય;
પારસ પરસી કંચન થાશું હર્ષ હૈયે ન સમાય—સ૦ જયરાજ

૧૨૩

(દશા આશી થઇ મારી—એ રાહ)

ફુટી મરજાદતો મારી, મુને લાગ્યો છે ધાકારી,—ફુટી.
સાસુજી કહું સાંભળો, મારા દુખની વાત
સાંજ સમે પાણી ગઇ, ઉપજી મારી ઘાત
મુને સંકટ પડયું ભારી, થઇ દુનિયા મુજ ખારી—ફુટી.
સરવરિયે પાણી ભરયું, બેડું લીધું શીર,
ચાલી ઘરભણી જેટલે, તાકી મારયું તીર,
ફુટી ગાગર તરત મારી, ભિજાઇ આ નવળ સાડી—ફુટી૦
સાંસો પડીયો મનમાં, કીધું કોણે કાજ
જોયું પાછું વાળિને નિશ્ચે ગઇ મુજલાજ
કુંવર જોતા દિઠા ધારી, જરૂર લજ્જા ગઇ મારી—ફુટી.
લજ્જા ભુષણ નારનું, લજ્જો સ્રીનું શીલ.
લજ્જા જાતાં શું રહે સઘળી જાયે ધીર
હવે કાયા તજુ મારી, જિવું શું મુખ દેખાડી—ફુટી.

૧૨૪

તુમહે દુગા મયવાકી ખબરીયા જાન,
મુઝે દે દો એ પ્યારી સુંદરીઆ જાન—તું૦
પ્યારી ચંચલ હય ન્યારી ન્યારી છળબળ
અએ જારે મુવે ચલચલ ન ગુલામકા કામહુ
અક્ષર કામ કરૂંગા, ખુશ અનજામ કરૂંગા,
બસ કુચ્છ કામ નહિ જા, ચલચલ ચોર કહીકાં
ચુપના કામ કહીતું કરબદ નામ નહી તું
હય નોકર બરતર અફસર તુજપર,
બદતર અજખર અફસર હમપર;—તુ.

૧૨૫ દીલ ફરોશ

બાતોમેં ઘાતોમેં માતકર ડાલા પ્યારી અંખીયોમેં જાદુભરા,
બડે આલીમહો કામીલ ઉસ્તાદજી
અજીવાહ સાહેબ મયહું તુમસે કમતર
ઉસ્તાદે કામીલહો તુમ મુજસે બહડકર
દીલમેં ગએ રોકી લગી હુએ મુહસે મેહેરકી બાત,
ચાર દીનકી ચાંદની હયે ફીર અંધેરી રાત,
તોપે વારૂ તનમન પ્યારી જાન સદા
દીલમેં મુહી મેહેરે મુનવ્વર હય રોશન ખુરશીદે જરનીગાર.

૧૨૬

બંસીવાલા આજોરે મારે દેશ
થારી સાંભળી સુરત પ્યારો બેરા—બંસી.
આવન આવન કહે ગયોજી કર ગયો કોલઅનેક.
ગિણુતાં ગિણુતાં ઘસ ગઇ મોરી આંગરીયારી રેખ.
સાવરીઆ રસીલા સલુણા
પીયાપે જીયાપે કરૂં એ નિશાર.
હમતો જોગી પ્રેમકેરે પ્રેમહ હમારો દેશ.
સુખ નહિ પાઈ પીયુકી તબલીનો આબેસ—થારી; બંસી.

સરદારબા.

૧૨૭

નહિ આવું કાનરે (૨) મારે ઘેર શામળીઓ મે માન છે
શોના રૂપાનું મારૂં બેડલુરે વ્હાલા પાણી ભરવામાં–મારૂ ધ્યાન છે.
રંગ રસ પ્યાલો પીતારે જાજો દોસ્તાની આદુ કાન છે.

સરદારબા

૧૨૮

જાગી જોગી જીવડા ભગવતનું ભજન કરી લે
ભુંડા ભમે છે ભુલીને શીદ ભ્રમણુમાં—જાગી.
ધન જાય જો બન જાય, જીવતર જાય જાય જાય.
સુખ સંસારમાં, ભલે આશામાં ફસે ફાસામાં
મારૂ મારૂ કરે તેમાં નથી તારૂ. તનબાર—ભુંડાં

સરદારબ.

૧૨૯

નકટી શરમા શરમાઓ નકટી શરમા
જાતું ઘરમાં ઘરમાંરે જાતું ઘરમાં
ભુલી ભરમાં ભરમાં ના ભુલી ભરમાં
જાણી મને લેવાઇ જાઉં એવી શું તારા ડરમાં ? નકટી.
આડી ફરમાં ફરમાં તું આડી ફરમાં
ફોકટ મરમાં તું મરમાં ફોકટ મરમાં
આગ્રા અવલી મતિ અંતરમાં, છાક છેકલી છરમાં—નકટી૦

જયરાજ

૧૩૦

બાળાં ભોળાંરે કુમારકા, પરણીને પસ્તાયાંરે,
પહેલા ફુલી થયાં ફાલકાં, હૈયડામાં હર ખાયાંરે;
ચાર દીન વહુ લાડકા, મનડામાં મલકાયાંરે
બન્યા એકદમ કાળકાં, અંતરમાં અકળાયારે,
મ્હેં તો જાણ્યું બાઇ ફુલડે પુજાઇ શું,
ખાજા જલેબી નિત્ય નિત્ય ખાઈ શું
મ્હેં આગલથી મનમાં ધારયું, માન રહી મરડાઇ શું
નણદીના વીરાને ઘડી ટીંગલાવી ભાગોળે ભુપાઇ શું રે
મોહન મળીયા વાતમાં વઢીઆ
નળીયા ખખડીયાં વાણી ઉચરીયાં (લે રાંડ દીવો)
મહે કહયું કે હું (૨)
ચડસમાં ચઢીઆ, ખુબ કકળીઆ
ઉંહુંનું ઓસડ ધોકા પડીઆ—પરણી
પરણ્યો પીટયો પરઘેર ભટકે ઘરમાં ન ખાવા પીવારે,
વરણાગીમાં વાંકોહીંડે, પતિ એવા કુલ દીવારે,
ઓશીઆળા બાઈરે હૈયેસા ઝાઇએ—પંડે પીડાઇએ
તોયે આ બાઇરે ધોકે ધી બાઇએ—પરણી

૧૩૧ ઉદય ભાણ

ચલ ઘોડે અસવારે ચલ ઘોડે અસવાર—ચલ
ટિકટિક ટિકટિક ઘોડા સટ સટ કોડા મારરે—ચલ
નાન કવાબ ઔર ભાજીજી સપર બેવડા બોટલ ચારરે—ચલ
બલ બલ જાનું, યાર બનાતું. દેખ મેરા સિંગારરે—ચલ

૧૩૨ સંગીન બકાવલી

કહાં સુલેમાં કહાં સીકંદર કહાં હયજમ અસ્આરે કયાં હયેદારા
યેસ બેકે સબખાક કેયે પુતલે બીગાડ ડાલે બના બનાકર.
જાગનાહો જાગલે અફલાકકે સાયે તલે,
હશ્રતક સોના રહેગા ખાકકે સાયે તલે,
ખાકકા પુતલાબના ઓર ખાકકી તસવીર હએ
ખાકમે મીલ જાયગા, ફીર ખાક દામ નગીર હએ
મુસા ફીરાતે રહે અદમકો યેક એસીનીંદ આગઇ ઇલાહી
કેજબસે સોએ—નફીરકે ચોંકે થકે હમ ઉનકો જગા જગાકર.

ફરણઘેલો

૨૬ પેરૂ કલોક તેવીજ જાતના નમુનેદાર પણ જરા નાની સાઇઝના અને જરા ઓછી શોભા મશીનરી સરખીજ કિંમત રૂ ૧૬—૦—૦

૧૩૩

મને રેંકાના રસીલા છેલા મુકો ને હાથ
ઓરા હુકાના છબીલા વ્હેલા મુકો ને હાથ
વ્હેરે જુકો અલબેલાં ઘેલાં આવું સંગાથ
મુકો કેડો
લાગ્યો નેડો
છોડો છેડો
સાથે તેડો
ભોળી નારી
કામણ ગારી
હું તો હારી
વાહરે પ્યારી–રેંકાના

૧૩૪ વીક્રમચરિત્ર

વાહેરમેનાં પ્યારી, તું ભારી કામણ ગારી
તિરછી નજર નાખે મારી લુચ્ચીના જુગારીરે–વાહેરે
મરવાની તૈયારી ત્યાં આતેશી લવારી !
છોડો છબીલા બીહારી આટેવ તોન સારીરે- વાહેરે
વાહેરે મેનાં પ્યારી, બલિહારી છે ખુમારી
ચાલે લટકતી મટકટી બંદલભાની નારીરે-વાહેરે

૧૩૫ વિક્રમચરિત્ર

અરે કોઇ આવો પીયાને મનાવો
મારૂ દિલડું ચીરી ખોલી બતાવો–અરે
અરે પીયા મારો નહી પ્રેમહાણનાં બાણ
તારે મનહું તું ચ્છછું તુમારે મન પ્રાણ
મને તપતીને નાહી તપાવો,
લાગી અગન બુજાઓ બોલાવો લોભાવો
પ્રાણ પ્રીયારી જાવો મારૂ

૧૩૬

જા જા રે શું રીસાય રસીલી, નજર મીલાવી લે (૨)
ચટ પટી ચીતમાં લાગી ચતુરા ચ્હેરો જોવા દે—
હીરા મોતી માગ્ય મધુરી, ઝાંઝર ઝુમણાલે
મદન અગન તનમાં લાગેલી તરત બુઝાવી દે—
સમતા નથી રેહેતીરે સલુણી મરમ વચન મુકી દે
કલ્પલતા છબીલી તુજ છાંયે પામર પંખી લે— ઉમાદેવડી

૧૩૭

સરકાર રજા દીજીએ, જામીનગાર હું;
મુદતપે ન આવે તો મેં ગુનેગારહું—સરકાર
ઇસકે બદલે શિર મેરાં, દેને તૈયાર હું;
યે બાત પેંની ઘાત કીજે, મેં અરજદાર હું—સરકાર
જાનો પહાડસિંહ યહ હાડાકા હૈ જાન;
બુંદિ જાને કું દિલ્લેશ, કરોગે ફરમાન—સરકાર

૧૩૮ ચાંપરાજ

મુજ ઉપર ગુજરી પીતા પાદશાહ જાણી,
હું હવે ગુણિકા નથી હાડાની રાણી—ટેક
એણે નથી દીઠું મુંજ મુખ, વાત છે સીધી;
હઠ ખરી આટલીવાર, વાતમાં લીધી—મુજ
આવ્યા છે જ્યારથી હાડો આપની પાસે
હું જત તપ કરતી નાર, રહીં ઉદાસ,—મુંજ
હું હતી મહેલમાં, પતિ ધ્યાનમા નારી;
એકદમ રાજાજી આવો ઉંગાડી બારી,—મુજ
મને કહયું તાહરે માટે, મુજ શીર જાએ
ધિક ધિક અબળાની જાત, પણુજ ખોવાયે—મુજ
મેં પગ નથી દીધો, બહાર બુંદી કોટાથી;
હું થઇ નાયકા નાર, આરોપ ખોટાથી—મુંજ
કરી કસોટી મુજ ભગવાન, તમાની દ્રષ્ટે;
મુજ લજજા રાખી નાથ, પહોચાડી કષ્ટે—મુજ
જો રાખી શરમ હું ના આવત, આપ ભુવનમાં;
મુંજ પતિ તણી રહી જાત, મનની મનમાં—મુંજ

૧૩૯ ચાંપરાજ

હૃદય રમકડું અજબ તરેહનુ, ફાવે તેમ રમાડો
ઘડી હસાવો ઘડી બોલાવો ઘડી ડરાવો, અને જમાડો
અરે વાહ શાહાબાશ—ઓય ઓય—
તન માલે મનગજ મ્હાલે,
માવદ ઇચ્છાએ હાળે,
વિષી અંકુસ સુખ દુઃખ આલે,
અલમસ્ત બનીને ચાલે,
દીલ ચોટીયું અભય અખાડે,
મસ કુરતી જંગલ ઝાડે,
વાહ વાહ—ઓય ઓય—હૃદય સરસ્વતી

૧૪૦

પામ્યો પામ્યો પદમણી આવીહો, જાણો તેની સફળ જીંદગાની
એક કટાક્ષે પાડેછે નરને, પછી નજર નહિ દેખે અવરને
દેહછટા દીએ દીપાવીહો, જાણો તેની
ચંપકવરણી વેણી વિશાળે વનિતા એવી વસંત કાળે,
ભાગ્ય થકી મળી મન ભાવીહો; જાણો તેની

૧૪૧ ત્રીવીક્રમ

મએ તો શીરફા હું દીવાના કયા માલ હએ જાન ગવાના
નસીહત આપ ક્યારકો આનકર સાહેબ સુનાતે હએ
બાવાબાને અલમમે કીસકો મરનેસે ડરાતે હએ
યે સચ કેહેતે હએ હજરત આપવાં સીરફ અજમાતે હએ
કહીં જાંબાજ અપને કમ્ભેલશેભી બાજ આતે હએ
કુચ્છ બાત નહિ મરજાના—કયા માલ
વહાંતો તનમે ખુદ બાકી હએ જાંને જાર થોડીસી
રરાતે હો કીસે તુમ ખીચકર તલવાર થોડીસી
મુજે ઇસ વાસ્તે હએ જીંદગી દરકાર થોડીસી
કે દીલમે રહે ગઇ હએ હસરતે દીદાર થોડીસી
એક ખેલ હએ ખુન બહાના—કયા માલ.

૧૪૨ દાગે-હસરત

કાનુડો ન જાણે મારી પ્રીત બાઇ અમે બાળ કુંવારારે—કાનુડો.
જળરે જમુંના હુંતો ભરવાને ગઇ તીરે
કાનુડે ઉડાડયાં આછાં નીર ઉડયાં—ફરરરરરરે—કાનુડો.
જમુંનાને કાંઠે વાલે રાસ રચ્યોછે
સોળસે ગોપીના ઝાલ્યા ચીર ફાડયાં ચરરરરરરે—કાનુડો.
હુંતો વરણાગી કાના તમારારે નામનીરે
કાનુડે તાણીને મારયાં તીર વાગ્યાં અરરરરરરે—કાનુડો.
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ વહાલા
કાનુડે બાળીને કીધા ખાખ ઉડી ફરરરરરે—કાનુડો.

૧૪૩

ચંચળ ચતુરા ચપળ નયનથી ચીત ચમકાવતીરે,
મનહર મધુરી મન મટકથી નીત નવરાવતીરે,
પ્રેમી ડાળે હરનીશ ઝુલતી પ્રેમ પુષ્પની માળા ધરતી
પ્રેમી દેરાં પૂર્ણ પ્રસંગે મ્હાલતીરે—ચંચળ.
મદન કટારી તનપર મારી, જખમ કર્યો છાતીમાં કારી
ભમર કમળ રસમાં ભામા, ભરમાવતીરે—ચંચળ. —જગતસિંહ

૧૪૪

કોઇ હાલ કહો જાકે મેરી પરીકું સમજાકે—કોઇ
તેરી ખબરદે કોન મુજે ઔર લાવે કોન નીશાન
તુજે કહામેં પાઉં જાન એહીહે ધ્યાન રહા હએરાન—કોઇ
અએ પંખી પંખેરૂ ઉડ ફીરે તુમ જગે જગે પરદુર
કભી નજર પડી વેહુર સરાસર નુર જોહે મજબુર—કોઇ
સુનો સુનો એ બનકે દરખતકો સુનો મેરી ફરીયાદ
કહા જમામેરી સમશાદ, કરો ઇમદાર મહુબર બાદ.
અએ જમીન ફટજા જરાતું હટજા નજરપડે ઇસરાર.
પીહેવો દીલદાર ગુલે બેખાર મેરી ગમખ્વાર—કોઇ.
દુવા સલામો પચામમેં હયે જામે તેરા નામ
જહાં મીલે વો ગુલઅનદાસતું હે પયેગામ એહી યે કામ—કોઇ

૧૪૫ બકાવલી

દીવાના હું સહેદા હું તલબગાર હું તેરા
અએ જાને જહાં તાલીબે દીદારહું તેરા—દીવાના
જાઉં મએ કહાં અબતેરી દેવડીસે નીકલકર
રહેનેદે મુજે મંએ તો ગીરફતારહું તેરા—દીવાના
દેખા હએ ફકત તુજકો મહોબતકી નજરસે
ગર જુરમ હએ યે તો મંએ ગુન્હેગાર હું તેરા—દીવાના

૧૪૬ દાગે—હસરત

શી પ્રેમી શી પ્રેમી શી પ્રેમી શી પ્રેમી;
શાણી સલુણી દાખી પ્રીતિ રીતિ એ બોલી શા બોલો
એ ચાલી મધુરી મનહર શી મુખકાંતી;
નવ શીખ શી સુહાતિ નવ યૌવન મદમાતિ;
મુખ મંદ મંદ મલકાતી મૃગનેણી મૃદુવેણી.
નવીન રસીક યુવત ખીલતી પદમણી તણી;
ઘણી મન હરણી ચોટી નવેલી છટા છબી ચાતમાં
રમણી નમણી સુખદા તરૂણી. ગઈ હા એતો
ગઇ ચાલી ગઇ અહાહહાહા જગતસિંહ

૧૪૭

પીલે શરાબ મજેદાર મેરે યાર—પીલે૦
જાહીર દીલકો જોસમે લાવે,
રંજો હટાવ હજાર મેરે યાર—પીલે૦
દર્દ તમામકો ગરદ કરતહે
સરદમેં બહોત બહાર મેરે યાર—પીલે૦ શોભાગ્ય—સુંદરી

૧૪૮

ચલરે ગાગર ચલરે ગાગર જમુંનાજી જઈએ.
જમુનાજી રળીઆમણારે ગાગરધુમે-ચલરે,
પાણીડા જાઉં તો મને તડકો રે લાગે
સાહેબા ચંદરવા બંધાવો રે ગાગરધુમે-ચલરે,
શેરીએ ચાલું તો મને કંટોરે ભાંગે
સાહેબા ગાલીચા લાવોરે-ગાગરધુમે-ચલરે,

૧૪૯ રસીકમણી

કહું વાત હું વીગતે વીચ્યાર, વનિતાં? વખત વધું ન લગાડ
કર ધરીને કરવર પ્યાર, વનિતાં? વખત વધુ ન લગાડ
રંગે રમાડું, સંગે જમાડું, પ્રીતી ચખાડું રીતિ દેખાડું
રસમાં ડુબાવુ નાર, વનિતાં? વખત વધું ન લગાડ—કહું
વિધ વિધ સાડી, પહેરાવું દાડ।
કમખો ને ચાળી ને ચણીઓ ને નાડી
હાર હીરાના ને માળ સુંવાળી
ઝાંઝર ઝુમણું, મોતીની વાળી
ખવરાવું પકવાન, થાતું તો જાડી
પગમાં બે જોડાને છતરી લે કાળી
ચડવાને ગાડી ને ફરવાને વાડી
હું તારો લાડો ને તું મારી લાડી
હું તારો પાડો ને તું મારી પાડી
મીઠા મીઠા મેવાને જોઈ જોઈને લેવા
બહેરાજીના વીવાહ, નહિ ખાવાકે પીવા
તું ચાલને થા તૈયાર—વનિતાં—કહું

૧૫૦ મદન-વસંત

હું સોનારણુ મદમાતી થઇ ભગતાણી પંકાતી
રહું છું છેટે છણુકાતી ભલભલાને પાણી પાતી
નજર થકી હું નગર નચાવું વચનથી વશમાં લાવું.
ભગતપણાના પડદા પાછળ શા માટે શરમાવું—હું૦
કથા દેવના દર્શન કેરૂ બહાનું કહો ભાઇ કેવું,
હરવું ફરવું મોજ મઝામાં, કથન કોઇનું સ્હેવું—હું૦

૧૫૧ સતી-શુંદરબા

કેમ ખોલું પ્રીતમ ઘુંઘટો કેટલાક ઘું ઘટે ખુવાર થયા;
ખાઇ શુદ્ધ બુધ શરીરની મુજ નેત્ર હાલહવાલ થયા.—ટેક૦
હું રંક જાત વણીકની, તમે કુંવર મોટા રાજના;
શું લાભ ખોલે ઘુંઘટો, મુજ મુખ જોઈ સાંજના—કેમ૦

સદેવંત-શાવલીંગા

૧૫૨

વચન આપ્યુ તુજને, તુજ વીના પરણું નહિ.
જો ના કહીશ તું મુજને તો કટાર ખાઇ મરૂ અહીં
અકળાઇને તમે એટલા, નહિ થાઓ વશ બહુ રીશને
કુરબાન તુજ પરથી કરૂં, કાંઇ વણિક લાખ દશ વીશને-કેમ૦
ઉમેદ હોયજો તુજને, વરવા તણી મને વાલમાં;
ફરી બેસ ભણવા સાથ મારી, આવીને નિશાળમાં-કેમ૦

૧૫૩ સદેવંત—શાવલીંગા

(મોહેલે પધારો મહારાજ) એ રાહ.
વેહેલા ઉઘાડોને દવાર, સદેવંત વહેલા ઉઘાડો;
એકલી બીહું છું બહાર સદેવંત વહેલા ઉઘાડો-ટે૦

શાખી

છે મનથી તુજ મશ્કરી, જીવજ મારો જાય;
ઉભી રહું ત્યાં એકલી, તેમ તેમ હૃદય ચીરાય-સદે૦
માત પિતા મે પરહરયા, તજી નાતને જાત;
તમ અર્થે બની ઘેલડી, આવી મારે માજમ રાત-સદે૦
હવે હદ થઇ વાલમાં, દરશન દો ઝટ આપ;
શક્તિસહન કરવા નથી, તમ વીયોગ કેરો તાપ-સદે૦

૧૫૪ સદેવંત-શાવલીંગા

મામા આવો જુલમ દા સહન કરોરે,
કાં સહન કરોરે? શીદ દુઃખી ફરોરે
શાને માટે મન શોક ભરો ?—મામા.
આપ પ્રતાપે પહોચ્યું હું આપે
હાર ખાશું એમ નહિ આપ ડીલ ડરોરે—મામા૦
પ્રજા રીબાયે: દુઃખી થાયે.
કેમ તેની નહિ દયા લેશ ઉરધરોરે—શાને મામા૦
મારૂં કરણુને, લાવું ચરણમાં,
વીખી તોડી ફોડી નાખું તો ભાણેજ ખરોરે—મામા૦

૧૫૫ કુલીન-કાંન્તા

વીરા વેસ્યાના યારી, ઉભા અટારી, પેલા તમારા પ્રાણ
જાઓ થાઓ હૈયારી ભાભી અમારી બેઠા તમારા પ્રાણ
વિંછીનો આંકડો વેશ્યા છે વસમી, જો જો નથાયે જાણ
જાણશે તો ઝેર આણસે ઝાઝં. કરશે રાંડ રોકાણ

૧૫૬

પાણી ભરવા હું ગઇ તીરે, સાહેલીની સંગે.
આડા આવીને ઉભારે, કુવરજી નવરંગે,
જલ ભરવાં સરવે ગયાં, એ વાડી મોઝાર.
થઇ ઉભા દરવાન તે, બંને રાજ કુમાર;
રોકી રાખી સાસુજીરે, અમો સૌ પનિયારી
નામ પુછીને મ્હારૂંરે, કીધી ઠઠ્ઠા ભારી.
શરમાઇ ઉભા રહયા, શું અમ અબલા જોર.
વિનવણી કાંઇ સુણી નહિ દેખાડી નિજ તોર.
હઠથી અમે હાર્યારે આખર એક સાહેલી;
નામ દિધુંજ મ્હારૂંરે, ત્યારે દિધાં મેલી.

૧૫૭ માનસિંહ—અભયસિંહ

મજેહદારી ગીલોરી ભરી લાલીયાં.
ચાતુર હું નાર કરૂ નયારા બયેપાર
મેરે પાનોમે યાર ફસે શેઠ સાહુકાર અયસો જાદુ ડાલીયાં
ખાઉં ખીલાઉં મય બીડાં બનાઉં
લઓંગ ઇલાયચી ઔર છાલીયાં
શકર બીચ આઇ હમપાન બીડાં લાઇ
પકી પકી કલીયાં ગીલોરીયાં બનાઇ,
બડી મજાહ પાઇ જો રંગીલે કસુખાઇ
માનકો પાન હય જાનકો જાન હય
લેલો લેલો આવો આવો ગીલોરીયાં
ખાવ ખાવ હાં હાં રંગવાલીયાં

૧૫૮ લયલા

જબકે કલંદર બનબન ફીરકર બંદર લેકર આતે હય ?
તાલી બજાના નીસીદીન પલછીન બંદરકો બતલાતે હય,
તુને આકર કીયું દીખાએ મોહે બંનદરવાકા ખેલ (૨)
ભોલે ભાલે મનકો નભયા તોરા ખેલ.
ઇનસાનોને કેસે પાયા હએવાનોકા મેલ—તુને૦

૧૫૯ બકાવલી

ક્ષાનર દાદાર કાદીર સતાર ક્ષાતાર આલાકે બાર,
ગફ્ફાર જબ્બાર એ તોરી લલાકારી પેવારી બલહારી
આલમપર સરદારી, કાયમકી કીરતારી
તાપવારી પતીતતારે લાઓ રબ શરમ ધરમ રાખો.

૧૬૦

હજારો મેરે ટાનકા મોતી (બે વાર)
એ મોતી મેરે લાખ ટકેકા ધર છતીયનપર સોતી—હજા૦
એ મોતીકી મેરે છાબ ભરી હે, જળ જમુનાપર ધોતી—હ૦
એ મોતી મેરા કોઇ ઢુંડકે લાવે, આધા જોબન ઉસે દેતી—હ૦
અગલી બજાર મેને મોતી ખોયા પીછલી બજાર ખડી રોતી—હ૦
એ મોતીકું મેરે બાલ પરોયા આયનેમે જોતા—હજારો.
એ મોતીકે બદલે મોતી મંગાદે મોતી બીના નહી સોતી—હજારો.

૧૬૧

વ્હાલમજી સાડી ગુલાબી મંગાવો, પોલકા બનાવો મોતીડાં ટંકાવો
બંગડી બે હીરાની મોંઘી મઢાવો જડાવો—વ્હાલમજી.

સાખી

સુરતમાં જણાય છે ધુતારાના ઢંગ
જેવો વાનો પુરશો તેવો ચડશે રંગ
હાંસીના હુલાસમાં રસીલી તારી રીસાઇએ—વ્હાલમજી

૧૬૨ જુગલ—જુગારી

દશા આ શી થઇ મારીરે કરમની છે ગતી ન્યારી—દશા૦
રમતાં રાજ મેહેલમાં, વસતા સુખ મોઝાર,
સેવામાં હાજર હતાં દાસી દાસ હજાર,
ભોગવી આજ લાચારી પડયો વનમાં હું આજારી-દશા૦
ફુલ સૈયા પણ જેહને કઠણ લાગતી સ્હેજ
સુતી છે પથ્થર તણી ધરતી ઉપર એજ
મહારાજાની કુમારી દુઃખી છે બહેન મુજ પ્યારી—દશા૦
તરસ્યા ભુખ્યાંને અમે દેતાં પાણી અન્ન
ટળવળીએ આ વન વીષે ભુખ્યાં વિણ ભોજન,
પીવા મળતું નથી પાણી, રહુ કેમ ધીર હું ધારી – દશા૦

૧૬૩ કનક—તારા૦

કામણગારી નારી કહેને મને વાત તારીરે,
છેલ છબીલા છબી ફાંકડી આદીસે અદભુત
ગુણહીણો ગામડીઓ બુડો એતો ભમતો ભુત—કામણ૦
ચતુર વીચીક્ષણ તું ચતુરાને ઘણી મુરખ સરદાર
[illegible]

૧૬૪

બટવા ગુંથન દેરે મીઝાજવા—બટવા૦
આજ મોરે બાલેકા બાળા જોબનવા—બટવા૦
ચીકને મેં ચીકના પીપળકા પતવા દુસરા ચીકના ઘી
તીસરા ચીકના ગોરીકા જોબના, યારોકા લલચાય જીવ—આજ૦
નદી કીનારે પલંગ બીછાયા, પાયા ડુલ ડુલ જાય
કીસ પાપીકી નજર લગી મેરા પરદા ખુલ ખુલ જાય—એજી૦
નદી કીનારે બગલા બેઠો; ચુન ચુન મછલી ખાય
બડી મછીને ડંખજ મારા તલપ તલપ જીવ જાય—આજ૦

૧૬૫

બળુંછું પ્રેમ આગમાં, મને કોઇ બચાવોરે
કોઇ બચાવોરે, મુને કોઈ બચાવોરે—બળું૦
કોઇ બચાવોરે, બેની મારી વારે ધાવોરે—બળું૦
હેરાન હું બે ભાન છું મુને શીદ સતાવોરે,
પ્રીતમ પરદેશી થતાં ઉઠી અંતર આગ,
આભુષણ ભુસણ દીસે જાણે ઝેરી નાગ.
દીલદાર હૈયા હાર મારો કોઇ મીલાવોરે—બળું છું૦

૧૬૬ માધવ વિલાસ

અજબ નગરી, આછે અંધેરી, થાકયો દઇ હું સઘળે ફેરી;—અજ૦
દીએ કોઇ ન જવાબ, અમથો દેખાડે રૂવાબ,
ઉંઘી મારે ઉલથાપ, જાઉં અંદર થેકી લીએ ઘેરી;—થાકયો૦
અરે ભાઇઓ દરવાન,
અએ કોન હએ હેવાન? તું કોઇ આદમ યા શયેતાન
ગવાર નીંદ તુને ગમાઇ મેરી થાકયેઃ.
આજી લીજીએ યે હાથ,
અરે ભાઇ જીલામત ચલ ચલતું મેરે સાથ,
અબ તેરી હમારી મહોબત ઠએરી—થાકયો૦

૧૬૭ માનસિંહ—અભયસિંહ

મુતો મારવાડ સો બનીયોરે, મુંબઈ શેરસું આયો;
મારવાડસે નીકલ્યો જબતો પાઘમે નહિ થો જુતો.
ધાસ લેટકી ફેરી ફરકે પીંજરા પોલમેં સુતો—મુતો.
વ્યાજ બટારો ધધો કરકે, પૈસા પોંચ કમાયો

૧૬૮

મળી કોણુ એવી રસ્તે જાતાં છેલ્લા કામણગારી.
લટકાલી, ચટકાલી, મારી મોહ કટારી,
શાણુા સલુણુા થઇને તમે, લપટાણુા કયાં સ્યામ.
બોલો બોલો બટક બોલકા, ભુત બન્યો સુંકામ.
જાઓ જાઓ શીદ આવ્યાં આહીં, છોડી છબીલી જાદુવાળી,
વહેમવાળી, આળભાળી, શું જારી, તે ધારી.
જાણ્યું જાણ્યું ડાપણુ સઘળું ઠગ વીશું :
ભોળી ધારી—મળી૦

૧૬૯ સરસ્વતી

(માલ તાલ દાદરો.)

સીદ અકલાવો સતાવો હું છું રંક, જુઓ જરો દીલપર ધારીરે
આજારી નાદારી લાચારી ગમખ્વારી આવારી છે મારી સાથ
હું વારી ગઇ હારી દુખયારી છું ભારી નોધારી અહી અનાથ—સી.
છુ તનથી છુ ધનથી છું મનથી, છુ જનથી
સાજનથી બહુ વનથી દુર
માતાથી પીતાથી ભ્રાતાથી દાતાથી નાતાથી નચડયુ નુર—શીદ૦
બીચારી વીચારી લ્યો તારી કર ધારી.
દીલધારી આમારી આજ
પ્યારાને મારાને આંખોના તારાને જાઉ છું મળવાને કાજ—સીદ૦

૧૭૦

ચતુર ચતુરા પેલી ચાંદનીજો, રંગીલા રસીલા રસમાં રમીલ્યો.
રમણીક સ્થિરવાળુ જળ, કિરણો વિમળ ખીલવે કમળ
પરાણે જાણે ઘુંઘટપર ખોલે પ્રીતમજો,
કેવો પ્રાણુનાથ, લુચ્ચો નીશાનાથ
હજારો સંગાથ, ઉભો બીડે બાથ;
પ્રીયા તુ કમળ એક મારે તો—ચતુર.

૧૭૧ ઉમાદેવડી

આમ કેમ કરોછો મશ્કરી.
અમે વણિક આપ છો લશ્કરી.
લાગ્યું મન આપમાં મારૂં
આપ અંતર કેમ નિહાળું
તમે બોલો-મન ખોલો
અલે ગામ ગામ ગામ

૧૭૨

મેલી દેને મમતા માન આખર આવશે અવસાન
જાણીલે જગત જંજાળ જ્ઞાની થઇને ભજ ગોપાળ
ભમતો શીશ કપરો કાળ વરવો વેશ રૂપ વીશાળ;

૧૭૩ શાખી

સરજી આ સંસારમાં સમજ્યો નહિ સતસાર,
ફોગટ ફુલ્યો ફંદમાં એળે ગયો અવતાર,
જાણ્યા નહિ જગદીશને, નીરખી નજરે નાર,
હારી બાજી હાથથી પામ્યો નહિ ભવપાર,
જમડા જાશે ભક્ષી જાન આખર આવશે અવશાન—મેલી.
મોટા મોટા ભુપ પ્રચંદ જેની કીર્તિ છે નવખંડ
જેના દેવના જે દેવ, કરતાં સદા નીશદીન સેવ.

૧૭૪ શાખી

સીતા પતી અરી ચઉદ ચોકડી રાજ્ય કર્યું વીસ્તાર
આખર તે પણ આવીયો કાળ મુખ નિરધાર
રઘુરાયને ધર્મ ધુરંધર ન મળે કાંઇ આકાર
છપન કોટી યાદવ સાથે, ગયા કૃષ્ણ મુરાર
પાંડવોનું ક્યાંછે સ્થાન, આખર આવશે અવશાન—મેલી.
ક્યાંછે શુંરાની સમશીર, ક્યાંછે ધરણી પતી રણધીર
ક્યાંછે પાર્થ કેરૂં તીર, ક્યાંછે કર્ણ દીન કરવીર

૧૭૫ શાખી.

જનમે એટલા જાયછે, નામજ તેનો નાશ
ભજન કરી ભગવાનનું, કાપીદે જમ પાસ
મમતા માયાકે રીત નથી, તજીદે મોહ આશ—મેલી.

૧૭૬

અલબેલીના ભરથાર, તમો ચાલો,
હાય હાય નખરાલી નાર, તું લટકે મટકે હું બેજાર-
છબીલીના છેલા યાર;—તમે.
વહા? છેલા એમ દીલદાર તું છો આહા? ઇંદ્રપરી અવતાર
રસીલીના રસિક સણગાર; તમે-
ચાલ રંગે જમાડું રાજ, પ્રીતી રસમાં ડુબાડું આજ
ઓહો સફળ આજ સૌકાજ. મેરૂં મારો શીરતાજ છબીલી.

૧૭૭

ધીરી ધીરી સુંદરી જરા ધીરી, તારા લાંસે લીધીછે ફકીરી સુંદરી
નયન મીલાવો પ્યારી, હસી બોલાવો, આપીશ આખી અમીરી-
ધીરી ધીરી.
રૂપે રીઝાવું કહેતો સોને મઢાવું દુર કરતું દીલગીરી એજીદુર-ધીરી
ધીરા ધીરા કુંવર જરા ધીરા
સગા માડીના જાયા ઓ વીરા-કુંવર જરા-
જેવી પોતાની તેવી નારી પરાઇ
પર સ્ત્રી પર ભવની પીડા
રાવણુ રોલાણો, દુર્યોધન દબાણો
કી ચકના થયા ચીરા, કૈયા કીચકના—ધીરા ધીરા.

૧૭૮ મોહીની-ચંદ્ર

અતિ પ્યારા, પતિ મારા, કયાં ગયા;
ગતિ ધારા, તજી ન્યારા, શું થયા,
આવ્યા હળવે મુખ મલકાવી, છળ બળથી મુજને સમજાવી
દઇ દર્શન મન હરયું હરખાવી, પ્રીત પરસ્પર પણુ પરખાવી,
લલચાવ્યાં લાલે કોઇ આવી,
સ્વપનામાં દીધાં ભરમાવી,
શું લો ભાયાં બા બા બા બા,
એ સતાયા જા જા, કરે દીવો ધરી જોને ફરી ફરી,
પતી મારા કયાં ગયાં. દેવયાંની

૧૭૯

(કાંઇ ચેટક લગાડી છબીલી એ રાહ)

જીસકા જાની જીશકા જાની જુદા હો જાવે
ઉશકે આશકકુ નીંદ્રા ન આવે
ઉંડાશા કુવા પતાલ જલ પાની દેખુ... જીયા ગભરાય
સો મેરી જાન દેખુતો જીયા ગભરાય ઉસકે
ઉંચી અટારીઆ ચંદનકી બારીયા
ચડુતો જીયા ગભરાય
સો મેરી જાન ચડુ તો જીયા ગભરાવે ઉશકે
આરા જોબનયા પ્યારી સુરતવા, દેખુતો જીયા લલચાય
સો મેરી જાન દેખતો જીયા લલચાવે ઉશકે

૧૮૦

દેખ દેવલકા પાયા પ્રાણી આ દેખ દેવલકા તું પાયારેજી
માટી અગન ઓર પાની પવન યે તત્વ ચારકી હે માયારેજી
શાયા કુદરતકા ભેદના પાયા હું તો બુદ એક સેજ ભયા પ્રાણીઆ
દશ દરવાજેકા દેવલ બનાકર આપી આપ સમાગેરેજી
ઘડી કેમ ઓર પહેર બજતરી અનહદ બાજ બજાયા પ્રાણી
એરે દેવલપર રખ ભરોશા કયું લાલચમેં લપટાયારેજી
રંગ પતંગસે કાયા બની હે વામે કુદરત ભેદ રચાયા પ્રાણીયા
નાથ નીરંજન બના કારીગર રંગ કુદરત ભેદ રચાયા પ્રાણીયા
અનેક બાજે નહી સુતન એક સુરતા ધ્યાન લગાયા પ્રાણીયા
જવ દરવાજે ઢાલી દેખ ફીર દસમે દવાવ જબ આયા
બજે ખંજરી તાલ મંજીરે વામે સુરતકા તાર લગાયા પ્રાણીયા
અનહદ સુરકી જોત દેખકર દીલ ભયેહી સમાયાજી
ગ્યાની પુરશકી ચરન શાશધર–કાદરને ગુન ગાયા
પ્રાણીયા દેખ દેવલકા પાયારેજી ૧૮૧

સઇયાંરે રોકો ન મોરી ડગરીયાં કાલી કાલી જુલફેપે જીયા
મોરા તરસે તક તક મારે નજરીયાં હો મોરે સઇયાંરે
તેલ લગાલે ફુલ લગાલે ઓર મુશાલેકી ટોપીયાં હો મોરે સેયાં
શઇયાંરે મુશલમાનકો બીરતી ભરતહે મોકુ રખાદે કહરીયાં
શઇયાંરે રોકો ન મોરી ડગરીઆં ૧૮૨

(ગરબી તાલ હીંચ)

નંદકુવર બનસી વાલારે મોહને લાલ વાલા. ટેક
હુરે જવુંછું તારી માલારે મોહન
એવી મોહન તમે મોહની કીધી સુદબુધ મારી હરી હરી લીધી મો૦
કીરપા કરી મારે મંદીરે આવો પ્રેમના પ્યાલા મને પાઓને મોહન૦
જઇને મથુરામાં નેણો લગાડયો કુબજાને મન તમે મોયારે. મોહન૦

સમાપ્ત.

વાંચવા લાયક પુસ્તકો.

	રૂ.	આ.
માનસિંહ—અભેયસિંહની વારતા	૦	૬
પૃથુસિંહ પરમાર અને સતી મેના	૦	૧૨
બાગો બાહરે ગુલશન	૦	૨
ગુલઝારે ગુલશન બીજી આવૃતિ છપાય છે	૦	૨
ખંભાતનો ખુની	૦	૮
બત્રીશ પુતળીની વારતા...	૧	૪
ચિતોડનો ઘેરો અને અનીતિના માઠાં પરિણામ ...	૦	૩
રામાયણ ગીરધર કૃત	૦	૧૨
કાવ્ય દોહન ભાગ ૧-૨-૩	૦	૧૧
બાદશાહ અને બીરબલ ૧-૧૨	૦	૧૨
રમણ-તારા	૦	૧૨
કાલીદાશ ભાગ ૧-૫	૦	૮
ઠાકોર અને કમળાવતીની વારતા... ...	૦	૬
જેબ પરમહંસ	૦	૧૨
હાર અથવા મધુર મનહર બીજી આવૃતિ છપાય છે	૦	૪
બાવન વૈશ્નવ વારતા	૧	૮
મહાભારત ઇચ્છાશંકર કૃત	૨	૮
ધોળ તથા પદ	૦	૪
ગરબાવલી મોટી	૦	૪
બહાદુર બારવટીઓ ને બાળકનું ખુન	૦	૪
ભરથરી નાટક મોટો	૦	૮
હલામણ	૦	૮
રાણકદેવી રાખેંગાર નાટક	૦	૮
પૃથુરાજ ચૌહાન નાટક	૦	૮
પૃથુરાજ ચૌહાન વારતા	૧	૪
ઉપદેશ ચીતામણી	૦	૮
છોટમ કૃત	૦	૮
બાલા મનજીની વારતા	૦	૮
ભગવત ગીતા	૦	૮
યોગ વાશીષ્ઠ	૧	૦
અમુલ્ય રત્નનો ભંડાર અને સુંદર બાગ કીંમત ...	૦	૬
હાતમ તાઇ	૦	૫
ચારદર વેશ	૦	૫
જગનામું મોહમદ હનીફ	૦	૬
ઝવાઝર હીંદ	૦	૬
અમૃત સાગર	૨	૦

ભપકાના ભરોંસા ઊપર કદી પણ ભુલતા ના.

ઘડીઆલો ! ઘડીઆલો !! ઘડીઆલો !!!

હરીફાઈના મેદાનમાં માલના ઊઠાવની ચાલતી લડાઈ.

નવો માલ ! ટકાવ માલ ! સસ્તો માલ !

માલનો ગંજાવર જથ્થે

હમણાજ આવી પહોંચ્યો છે.


અમારો માલ કદીપણ પાછો ફરતો નથી.

ફક્ત એકજ નંગ વાપરવાથી ખાત્રી થશે.

લશકરીઓ, શેલજરો, શેલરો, વગેરેના વપરાસ

મજબુત અને ટકાઉ પુરવાર થયેલું.

રાસ્કોફ સીસ્ટમ રેજીમેંટ વોચ.



કીંમત રૂ. ૪।। ગીલીટ મશીન રૂ. ૫

ગ્યારંટી વરસ સાત સાથે.

ઇનામ ! ઇનામ !! ઇનામ !!!

આ રાસકોફ સીસ્ટમ ઘડીઆલ કોઇપણ ઠેકાણે હમારા ભાવથી ઓછી કીંમતે મળે છે. એવી હમારી ખાત્રી કરી આપનારને પૈસા પાછા આપવા ઉપરાંત એજ ઘડીઆલ બક્ષીસ.

૭ નંગ સામટા ખરીદનારને એક નંગ મફત,

આઠ દીવસની ચાવીના કલાકો **કીંમત રૂ. ૭ થી ૨૪** સુધી ટાઇમપીસો તેમજ દરેક જાતના વોચીસો હમારે ત્યાંથી કીફાયત ભાવે મળે છે.

બહાર ગામના ઓરડરો વી. પી. થી. બજાવવમાં આવે છે.

વધુ વીગત માટે ચીત્રં સાથનું પ્રાઇસ લીસટ અરધા આનાની ટીકીટ મોકલી મંગાવો.

ઠેકાણું [illegible]